www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Thursday
22.07.2021
*Volume :5 * Issue No. 341
Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



વંદે માતરમ્

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

વંદે માતરમ્

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :06*Rs. 00.25/- *Annual Rs. 90/-

# આપણી માતૃ ભાષામાં વાત કરવાનું આપણને ગૌરવ હોવું જોઈએ: ઉપ રાષ્ટ્રપતિ

### ઉપ રાષ્ટ્રપતિએ ૧૪ એન્જિનયિરિંગ કોલેજમાં પ્રાદેશિક ભાષામાં અભ્યાસક્રમો શરૂ બદલ તેમની પ્રશંસા કરી

કમલમ દૈનિક,

ઉપ રાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ આઠ રાજ્યોમાં આવેલી ૧૪ એન્જિનયિરિંગ કોલેજો દ્વારા પ્રાદેશિક ભાષામાં અભ્યાસક્રમો શરૂ કરવા બદલ તેમની પ્રશંસા કરી હતી અને ખાસ કરીને ટેકનિકલ અને વ્યાવસાયિક અભ્યાસ કરાવતી સંસ્થાઓ સહિત વધુને વધુ શૈક્ષણિક સંસ્થાઓ પ્રાદેશિક ભાષામાં શીખવવાના આ અભિગમને અનુસરે તેવો અનુરોધ કર્યો હતો. તેમણે ખાતરી આપી હતી કે, પ્રાદેશિક ભાષાઓમાં અભ્યાસક્રમો શીખવવાથી વિદ્યાર્થીઓ માટે તે વરદાનરૂપ સાબિત થશે. પોતાની તીવ્ર ઈચ્છા અભિવ્યક્ત કરતા શ્રી નાયડુએ જણાવ્યું હતું કે, ''એવો દિવસ જોવાની મારી પ્રબળ ઈચ્છા



### પ્રાદેશિક ભાષામાં અભ્યાસક્રમો વિદ્યાર્થીઓ માટે વરદાનરૂપ સાબિત થાય છે: ઉપ રાષ્ટ્રપતિ

છે જ્યારે એન્જિનયિરિંગ, મેડિકલ અને કાયદા જેવા તમામ રોજગારલક્ષી અને વ્યાવસાયિક અભ્યાસક્રમો માતૃ ભાષામાં શીખવવામાં આવતા હોય.'' આજે ફેસબુક પર 'માતૃ ભાષામાં એન્જિનિયરિંગના અભ્યાસક્રમો - એક ડગલું સાચી દિશામાં' શીર્ષક સાથે ૧૧ ભાષામાં મુકવામાં આવેલી પોસ્ટમાં ઉપ રાષ્ટ્રપતિએ ૧૧ પ્રાદેશિક (મૂળ) ભાષાઓ એટલે કે હિન્દી, મરાઠી, તમિલ, તેલુગુ, કન્નડ, ગુજરાતી, મલયાલમ, બંગાળી, આસામી, પંજાબી અને ઓડિયામાં બી. ટેકના અભ્યાસક્રમો શીખવવા માટે અખિલ ભારતીય ટેકનિકલ અભ્યાસ પરિષદ (AICTE) દ્વારા આપવામાં આવેલી મંજૂરી અંગે ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે આઠ રાજ્યોમાં ૧૪ કોલેજો દ્વારા પસંદગીની શાખાઓમાં નવા શૈક્ષણિક વર્ષથી પ્રાદેશિક ભાષામાં અભ્યાસક્રમો

### ટેકનિકલ અને વ્યાવસાયિક શૈક્ષણિક સંસ્થાઓને પ્રાદેશિક ભાષાઓમાં અભ્યાસક્રમો શીખવવા માટે અનુરોધ કર્યો

શીખવવા માટે લેવાયેલા નિર્ણયને પણ આવકાર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ''હું દૃઢપણે માનુ છુ કે, આ એક સાચી દિશામાં ભરેલું ડગલું છે.'' માતૃ ભાષામાં શીખવાના લાભોનો સંદર્ભ લઈને ઉપ રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, તેનાથી કોઈપણ વ્યક્તિની ગ્રહણશક્તિ અને સમજશક્તિનું સ્તર વધે છે. તેમણે ઉમેર્યું હતું કે, ''અન્ય કોઈ ભાષામાં વિષયને સમજવા માટે કોઈપણ વ્યક્તિએ સૌથી પહેલા તે ભાષા શીખવી પડે છે અને તેમાં નિપુણ થવું પડે છે. આમાં ખૂબ જ પ્રયાસો લાગે છે. જોકે, કોઈપણ વ્યક્તિની માતૃ ભાષાના કિસ્સામાં આવું થતું નથી.'' આપણી ભાષાના સમૃદ્ધ ભાષાકીય અને સાંસ્કૃતિક વારસા પર પ્રકાશ પાડતા ઉપ રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, ભારત સેંકડો ભાષાઓ અને હજારો બોલીઓનું ગૃહ સ્થાન છે. તેમણે કહ્યું હતું કે, ''આપણી ભાષાકીય વિવિધતા આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના એક આધારસ્તંભ સમાન છે.'' માતૃ ભાષાના મહત્વ પર વિશેષ ભાર મુકતા શ્રી નાયડુએ જણાવ્યું હતું કે, ''આપણી માતૃ ભાષા અથવા આપણી મૂળ બોલી આપણા માટે ખૂબ જ વિશેષ હોય છે, કારણ કે આપણે તેમની સાથે અતૂટ સંબંધથી જોડાયેલા હોઈએ છીએ.'' દુનિયામાં દર બે અઠવાડિયામાં એક ભાષા લુપ્ત થઈ રહી છે તેવા સંયુક્ત રાષ્ટ્રના અહેવાલને ટાંકતા શ્રી નાયડુએ ભારતમાં વિલુપ્ત થવાના આરે રહેલી ૧૯૬ ભારતીય ભાષાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ''આપણી મૂળ ભાષાઓનું સંરક્ષણ કરવા માટે અને માતૃ ભાષામાં અભ્યાસને પ્રોત્સાહન આપવા માટે બહુગુણિત અભિગમ અપનાવવાની જરૂર છે.'' શ્રી નાયડુએ લોકોને આહ્વાન કર્યું હતું કે, સૌએ પોતાનાથી શક્ય હોય એટલી વધારે ભાષા શીખવી જોઈએ. તેમણે કહ્યું હતું કે, અલગ અલગ ભાષાઓમાં નિપુણતા વર્તમાન સમયના આંતરિક રીતે જોડાયેલા વિશ્વમાં એક ધાર પૂરી પાડશે. તેમણે ઉમેર્યું હતું કે, ''આપણે શીખએ તે દરેક ભાષા સાથે, આપણે અન્ય સંસ્કૃતિ સાથે આપણા જોડાણને વધુ ઘનિષ્ઠ

### આપણે આપણી માતૃભાષા સાથે અતૂટ સંબંધથી જોડાયેલા છીએ: ઉપ રાષ્ટ્રપતિ

બનાવીએ છીએ.'' ભાષાઓના સંરક્ષણ માટે સરકારે લીધેલા પગલાંની પ્રશંસા કરતા ઉપ રાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે, નવી શિક્ષણ નીતિમાં જ્યાં પણ શક્ય હોય ત્યાં માતૃ ભાષામાં/ સ્થાનિક ભાષામાં/ પ્રાદેશિક ભાષામાં/ ગૃહ ભાષામાં ઓછામાં ઓછા પમા ધોરણ સુધી શિક્ષણ આપવા માટે પ્રોત્સાહન આપે છે અને જો ૮મા ધોરણ તેમજ તેનાથી આગળ પણ

### ઉપ રાષ્ટ્રપતિએ લોકોને ભારતીય ભાષાઓનું સંરક્ષણ કરવામાં સહભાગી થવા માટે આહ્વાન કર્યું

આવી રીતે શિક્ષણ આપવામાં આવે તો ખૂબ જ સારું. તેમણે કહ્યું હતું કે, સમગ્ર દુનિયામાં હાથ ધરવામાં આવેલા સંખ્યાબંધ અભ્યાસોમાં તારણ આવ્યું છે કે, શિક્ષણના પ્રારંભિક તબક્કામાં જો માતૃ ભાષામાં શિક્ષણ મેળવવામાં આવે તો બાળકમાં આત્મ-સન્માનની ભાવના વધે છે અને તેનાથી તેમની સર્જનાત્મકતા પણ ખીલી ઉઠે છે. શ્રી નાયડુએ લુપ્ત થઈ રહેલી અથવા નજીકના ભવિષ્યમાં લુપ્ત થવાની શક્યતા હોય તેવી ભાષાઓના દસ્તાવેજીકરણ અને જાળવણી માટે શિક્ષણ મંત્રાલય અંતર્ગત શરૂ કરવામાં આવેલી લુપ્ત થઈ રહેલી ભાષાઓના સંરક્ષણ અને જાળવણીની યોજના (SPPEL)ની પ્રશંસા કરી હતી. ઉપ રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા માટે ફક્ત સરકાર એકલી કંઈ જ નહીં કરી શકે. તેમણે કહ્યું હતું કે, ''આપણી સુંદર ભાષાઓના સંરક્ષણ માટે લોકોની ભાગીદારી પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે જેથી આપણી ભવિષ્યની પેઢીઓની કનેક્ટિવિટીના તાતણાને વધુ મજબૂત બનાવી શકાય.'' લોકોને તેમની માતૃ ભાષામાં સંવાદ

### ભાષા ફક્ત ત્યારે જ ખીલી શકે અને ટકી શકે જયારે તેનો બહોળો ઉપયોગ કરવામાં આવે: ઉપ રાષ્ટ્રપતિ

કરવામાં થતા ખચકાટ અંગે નોંધ લેતા શ્રી નાયડુએ લોકોને અનુરોધ કર્યો હતો કે, લોકોએ ફક્ત તેમના ઘરમાં જ નહીં પરંતુ શક્ય હોય ત્યાં બધે જ માતૃ ભાષા બોલવી જોઈએ. તેમણે કહ્યું હતું કે, ''ભાષાઓ ફક્ત ત્યારે જ ખીલી શકે અને ટકી શકે છે જ્યારે તેનો બહોળો ઉપયોગ કરવામાં આવે.''

# દંપત્તિએ તૈયાર કરેલી આ ઝુંપડીની કિંમત જાણીને તમારા હોશ ઉડી જશે



રિપોર્ટ-ડેવિડ પટેલ- મહેસાણા

કમલમ દૈનિક,

ઝૂંપડામાં રહીને અભાવોવાળું જીવન ગાળતા રમેશ જોગીએ આફતને અવસરમાં ફેરવી નાખી છે. પતિ-પત્ની હવે વાંસની ડિઝાઈનર ઝૂંપડીઓ બનાવે છે, જેની બંગલા કે હોટલોમાં ભારે માગ છે. આવી ઝૂંપડીનો એવો ક્રેઝ છે કે આબુ રોડ પર એક ઝૂંપડી સાડા પાંચ લાખ રૂપિયામાં વેચાઈ ચૂકી છે. ગ્રામપંચાયત સોનાનીના પીથાપુરા જવાના રસ્તે ૨૦ વર્ષથી ઝૂંપડામાં રહેતા રમેશ કુમાર જોગીની ઓળખ વાંસફોડિયા તરીકેની છે, કેમ કે આ પરિવાર વર્ષોથી વાંસની ગૃહોપયોગની છાબડી જેવી વસ્તુઓ બનાવતો હતો. ૫૦-૧૦૦ રૂ. કમાવી આપતી આ વસ્તુઓની હવે ગામડાંમાં પણ ડિમાન્ડ નથી. આ સ્થિતિમાં ૫ દીકરી અને ૨ દીકરા સહિતના પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ થઈ ગયું હતું. રમેશના જણાવ્યા મુજબ, તેઓ આ કામ ૨૫ વર્ષ પૂર્વે જયપુર અને ઉદયપુરમાં સંબંધીઓને ત્યાં શીખ્યા હતા. મંડારમાં વાંસનો થોડો જથ્થો મળી જાય છે પણ વધારે ઓર્ડર હોય તો આસામથી મગાવાય છે. ઝૂંપડીઓની ડિઝાઈન એવી હોય છે કે વરસાદના છાંટા પણ અંદર નથી આવતા કે વાવાઝોડામાં પણ નુકસાન નથી થતું. માઉન્ટ આબુ તેમ જ ગુજરાતના પાલનપુર, મહેસાણા, સિદ્ધપુર સહિતનાં સ્થળોએ હોટલ, ઢાબા, ફાર્મ હાઉસ તેમ જ બંગલામાં મૂકવા માટે આવી ઝૂંપડીઓની ડિમાન્ડ રહે છે. એક ઝૂંપડી તૈયાર કરતાં ઓછામાં ઓછા ૧૦ દિવસ લાગે છે. એના નિર્માણ અને રંગોની સજાવટમાં રમેશ કુમારને તેમના પત્ની ઉગમ દેવી પણ મદદ કરે છે. રમેશે બનાવેલી ઝૂંપડીઓ શરૂઆતમાં ગામ-કસ્બાના ઢાબા માટે વેચાતી હતી. ધીમે-ધીમે એની માગ મોટી હોટલો સુધી પહોંચી. રમેશે પણ ડિઝાઈનમાં ફેરફાર કર્યા અને હોટલ-બંગલામાં માગ વધતી ગઈ. મારવાડી, શાહી શૈલીની આ ઝૂંપડીઓ કોઈપણ પ્રકારની મશીનરીની મદદ વિના બને છે. હવે ૪૫ હજારથી સાડાપાંચ લાખ રૂ. સુધીની ઝૂંપડીઓના ઓર્ડર મળવા લાગ્યા છે. પરિવાર મહિને ૬૦ હજાર રૂ. કમાઈ લે છે.

# બનાસકાંઠાના અંતરીયાળ વિસ્તારની અરણીવાડા પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી રોહિતભાઈ પટેલને અસ્મિતા પુરસ્કારથી સન્માનિત કરાયાં

### બાળકો શાળાએ આવવા જીદ કરે અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે જ્ઞાન સાથે ગમ્મત દ્વારા શિક્ષણ આપીએ છીએ —શિક્ષકશ્રી રોહિતભાઈ પટેલ







કમલમ દૈનિક,

ભૂતકાળ બની ગયેલા બાળ ગીતો અને જ્ઞાન સાથે ગમ્મત એટલે બાળકોને ડાન્સ દ્વારા શિક્ષણ આપતાં શિક્ષકશ્રી રોહિતભાઈ પટેલ. કાંકરેજ તાલુકાની અરણીવાડા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી રોહિતભાઈ પટેલનું મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે તાજેતરમાં રાજ્યની પ્રતિષ?ઠિત ન્યુઝ ચેનલ દ્વારા અસ્મિતા સન્માન પુરસ્કાર એનાયત કરી સન્માન કરવામાં આવ્યું છે.પાટણ જિલ્લાના બાલિસણાના વતની શ્રી રોહિતભાઈ ચંદુભાઈ પટેલે બનાસકાંઠા જિલ્લાના અંતરીયાણ વિસ્તારની કાંકરેજ તાલુકાની અરણીવાડા પ્રાથમિક શાળાને પોતાની કર્મભૂમિ બનાવી અનોખી રીતે શિક્ષણ કાર્ય કરી રહ્યાં છે. બાળકોને શાળાએ આવવાની મજા પડે, તેમને ભણતર ભારરૂપ ન લાગે તે માટે શ્રી રોહિતભાઈ પટેલ સવારની સમૂહ પ્રાર્થના અને વર્ગખંડમાં બાળ ગીતો પર ડાન્સ કરી બાળકોને શિક્ષણ આપે છે. તેઓ રસોઈકળામાં પણ પારંગત છે, કોઈપણ પ્રકારનો શરમ-સંકોચ રાખ્યા સિવાય તિથિ ભોજન આપવાનું હોય ત્યારે તેઓ જાતે રસોઈ બનાવી બાળકોને ખવડાવે છે. આ શાળામાં મોટા ભાગના શિક્ષકો યુવાન છે. આ યંગ ટીમ દ્વારા શાળામાં સુંદર બગીચો બનાવવામાં આવ્યો છે. વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિઓ કરી વિધાર્થીઓનો શારીરિક વિકાસ થાય તેનું પણ ધ્યાન રાખવામાં આવે છે. આ રીતે બીજી સ્કુલના બાળકો પણ આ અભિનય ગીત દ્વારા કંઈક શીખે તે માટે તેમના સાથી શિક્ષકશ્રી અંકિતભાઈ પટેલે અભિનય ગીતનો વિડીયો બનાવી યુ-ટ્યુબ પર અપલોડ કર્યો અને જોતા જોતામાં ખુબ જ વાયરલ થયો.. પછી તો શ્રી રોહિતભાઈ શિક્ષણ જગતમાં ખ્યાતિ પામ્યા અને બાળકોના પ્રિય શિક્ષક બની ગયાં. જેની નોંધ લઈ એબીપી અસ્મિતા દ્વારા રાજ્યમાં નવ રત્નો પૈકીના શિક્ષક રત્ન શ્રી રોહિતભાઈ પટેલને અસ્મિતા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો.શિક્ષકશ્રી રોહિતભાઈ પટેલે જણાવ્યું કે, હું છેલ્લા ૭ વર્ષથી અરણીવાડા પ્રાથમિક શાળામાં ફરજ બજાવું છું. તેમણે કહ્યું કે, જ્યારે અમે પી.ટી.સી.માં અભ્યાસ કરતાં તે દરમ્યાન બાળ ગીત પર અભિનય કરતા એટલે મને વિચાર આવ્યો કે, આ અંતરીયાળ વિસ્તાર છે, આ વિસ્તારના બાળકો શાળામાં આવવા જીદ કરે, પ્રાર્થનામાં બાળકો સમયસર આવી જાય, બાળકો અભિનય ગીતમાં ભાગ લે, બાળકનો ડર ઓછો થાય, તે સ્ટેજ પર આવી પોતાની વક્તૃત્વ કળા ખિલવી શકે તે માટે અભિનય ગીત દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. તેમણે કહ્યું કે, લોક માનસમાં સરકારી શાળાની સારી છાપ ઉપસે તે માટે મારા જેવા હજારો શિક્ષકો દિલ રેડીને કામ કરે છે. તેમણે કહ્યું કે, આજનું બાળક આવતીકાલનો નાગરિક છે. મહાન આચાર્ય ચાણક્ય એ પણ કહ્યું છે કે ''શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદ મેં પહલતે હૈ. શક્તિશાળી રાષ?ટ્રના નિર્માણ માટે અને મારા આત્મસંતોષ માટે અભિનય ગીત વડે જ્ઞાન સાથે ગમ્મત દ્વારા શિક્ષણ આપીએ છીએ.બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સંજય પરમારે જણાવ્યું કે, બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો દ્વારા ખુબ સુંદર કામગીરી કરવામાં આવી રહી છે. અત્યારે હાલમાં કોરોના મહામારીમાં શાળાઓ બંધ છે પરંતુ શિક્ષણ કાર્ય નહીં. શિક્ષકો શેરી શિક્ષણ અને વર્ચ્યુઅલ માધ્યમથી બાળકોને શિક્ષણ આપી રહ્યાં છે. તેમણે કહ્યું કે, શાળાના સુંદર બિલ્ડીંગો, ઉચ્ચ મેરીટવાળા શિક્ષકો, કોમ્પ?યુટર લેબ, દિકરા-દિકરીઓ માટે અલગ શૌચાલય, મધ્યાહન ભોજન, શિષ?યવૃતિ વગેરે જેવી સરકારી શાળામાં સુવિધાઓ હોવાથી હવે છેલ્લા ચાર-પાંચ વર્ષથી ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે. બનાસકાંઠા જિલ?લામાં દર વર્ષે ૨૫૦૦ થી ૩૦૦૦ જેટલાં બાળકો ખાનગી શાળામાંથી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવે છે. જિલ્લામાં વર્ષ-૨૦૧૭-૧૮માં ૨૮૬૩ બાળકો, ૨૦૧૮-૧૯માં ૨૭૦૭, ૨૦૧૯-૨૦માં ૨૯૬૯, ૨૦૨૦-૨૧માં ૨૨૩૭ અને આ વર્ષ-૨૦૨૧-૨૨માં ૨૩૪૮ બાળકોએ ખાનગી શાળામાંથી સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે અને હજી પ્રવેશ મેળવવાનું ચાલું છે. શ્રી પરમારે કહ્યું કે, થરાદ તાલુકાની આનંદનગર સરકારી પ્રાથમિક શાળામાં આ વર્ષે ૭૫ જેટલાં બાળકોએ ખાનગી શાળા છોડી આ શાળામાં પ્રવેશ મેળવ્યો છે. મને વિશ્વાસ છે કે, હવે સરકારી શાળાઓનો જમાનો આવવાનો છે.

### ટ્રેન્ડ બદલાયો: બનાસકાંઠા જિલ?લામાં દર વર્ષે ૩૦૦૦ જેટલાં બાળકો ખાનગી શાળામાંથી સરકારી પ્રા. શાળાઓમાં પ્રવેશ મેળવે છે

# સાબરમતી રિવરફ્રન્ટ ફ્રન્ટ પર ૨.૨૫ કરોડના ખર્ચે નિર્માણાધિન બાયો-ડાયવર્સિટી પાર્ક ગૃહમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું

### ''અમદાવાદ શહેરની મધ્યમાં ઘનઘોર જંગલ વિકસિત થવાથી પ્રકૃતિને વાચા મળી'' – પ્રદિપસિંહ જાડેજા



કમલમ દૈનિક,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને SRFDCL ના સંયુક્ત ઉપક્રમે સાબરમતી રિવરફ્રન્ટ ફ્રન્ટ પર આંબેડકર બ્રીજની નીચે રૂ.૨.૨૫ કરોડના ખર્ચે બાયો-ડાયવર્સિટી પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેના વિસ્તરણની કામગીરી કરીને ૪૫ હજાર જેટલા વિવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. '' અમદાવાદ શહેરને નવા નજરાણા સ્વરૂપે બાયો-ડાયવર્સિટી પાર્ક મળી રહ્યો છે તેમ જણાવતા ગૃહમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે સતત વિકસતાં જતા અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અનેક રમણીય પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમા સાબરમતીના તટે લુપ્ત થઈ રહેલી અનેક પ્રજાતીના વૃક્ષોનું વાવેતર કરીને પ્રકૃતિનું સંવર્ધન અને સંરક્ષણ કરવામાં આવી રહ્યું છે.જે શહેરનાં પ્રકૃતિ પ્રેમી લોકો માટે આનંદની વાત છે. અર્બન ફોરેસ્ટ પ્રોજેક્ટ અંતર્ગત શહેરની મધ્યમાં ઘનઘોર જંગલ વિકસાવવાની પધ્ધતિથી શહેરનું તાપમાન અને વાતાવરણમાં બદલાવ આવવાથી પશુ, પંખીઓ માટે આ પાર્ક વિશ્રામનું સ્થળ બની રહેશે તેમ મંત્રી શ્રી એ જણાવ્યું હતું. ગૃહમંત્રી શ્રી એ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે જંગલમાં જોવા મળતી વનસ્પતિઓનું અહીં વાવેતર કરવાથી પ્રકૃતિ પ્રેમી લોકો અહીં આવીને શાંતિનો અનુભવ કરી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે સદર પાર્કમાં ૧૨૦ પ્રજાતીના ૭૦૦૦ જેટલા વૃક્ષો અને વિસ્તરણ થતાં ૧૭૦ પ્રજાતીના ૪૫ હજાર જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા છે. જેમા રબર,કપૂર,સિંદૂર, રુદ્રાક્ષ,અંજીર, રક્તચંદન,સિસમ,સિ-ગ્રેપ, રુખડો, ચરોલી, ઢવ, ખીજડો, ખેર, પીલખન જેવી લુપ્તપ્રાય થઈ રહેલી ૧૩૪ જેટલી પ્રજાતિઓના વૃક્ષો વાવ્યા છે. ફળાઉ વૃક્ષો અને વનસ્પતિઓનો ઉપયોગ અહીં આવતા પક્ષીઓના ખોરાક માટે કરવામાં આવશે. પાર્કમાં વનસ્પતિની ઓળખ માટે નેઈમ પ્લેટ લગાવવામાં આવી છે તથા શહેરીજનો અંહી આવી શકે તે માટે પ્રવેશ ફી નકી કરવામાં આવી છે. જેમાં શૈક્ષણિક પ્રવાસના વિદ્યાર્થીઓ માટે ૦૧ રૂ, દિવ્યાંગ અને ૫ વર્ષ સુધીના બાળકો માટે નિઃશુલ્ક , ૬૦ વર્ષ થી વધુ અને ૫ થી ૧૨ વર્ષની વય ધરાવનાર માટે ૧૦ રૂ. અને ૧૨ થી વધુ વયની તમામ વ્યકતિઓ માટે ૨૦ રૂ.એન્ટ્રી ફી રાખવામાં આવી છે. પાર્કનો સમય સવારના ૭.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી રહેશે. તથા સાંજના ૪.૩૦ કલાક પછી પ્રવેશ ટીકિટ ઈસ્યુ કરવામાં આવશે નહિ. આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી કિરીટકુમાર પરમાર, પૂર્વ મેયર શ્રીમતી બીજલબેન પટેલ, એએમસી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશભાઈ બારોટ, ડેપ્યુટી મેયર સુશ્રી ગીતાબેન પટેલ, એલિસબ્રીજ ધારાસભ્ય રાકેશ શાહ તથા મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

કોરોના મહામારી સામે રક્ષણાત્મક ઉપાય એવી કોરોના વેકસીનેશનની રાજયવ્યાપી સઘન કામગીરી અન્વયે ૨૦મી જુલાઈ-૨૦૨૧ સુધીમાં રાજયમાં ૪૭ટકા લોકોને વેકસીનના પ્રથમ ડોઝથી સુરક્ષિત કરવામાં આવ્યા છે. ૫૨ મિલિયન વેક્સિનેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. ગુજરાતમાં ૧૮ વર્ષથી ઉપરની વયના રસીકરણ માટે પાત્રતા ધરાવતા કુલ ૪,૯૩,૨૦,૯૦૩ લોકોમાંથી ૪૭ ટકા એટલે કે ૨ કરોડ ૩૧ લાખ ૩૦ હજાર ૯૧૩ લોકોને અત્યાર સુધીમાં કોરોના વેકસીનનો પ્રથમ ડોઝ આપી દેવાયો છે. એટલું જ નહિ, ૭૦ લાખ ૧૬ હજાર ૮૩ લોકોને બીજો ડોઝ આપવામાં આવેલો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં કોરોના વેકસીનેશનની સ્થિતીની સર્વગ્રાહી સમીક્ષા દરમ્યાન આ વિગતો આપવામાં આવી હતી. સમગ્રતયા રાજ્યમાં ૨૦મી જૂલાઈના દિવસે ૪ લાખ ૧૨ હજાર ૪૯૯ લોકોને કોરોના રસીથી સાંકળી લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દિશાદર્શનમાં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના સૌ કર્મીઓએ લોકોને કોરોના વેકસીનેશન આપવા માટે આદરેલી ઝૂંબેશના પરિણામે ૨૦મી જુલાઈ સુધીમાં ૩ કરોડ ૦૧ લાખ ૪૬ હજાર ૯૯૬ લોકોનું રસીકરણ સંપન્ન થયું છે. ગુજરાતમાં ૨૦મી જુલાઈ સુધીમાં જે ૨ કરોડ ૩૧ લાખ ૩૦ હજાર ૯૧૩ લોકોને પ્રથમ ડોઝ અપાયો છે તેમાં ૧૯,૬૪,૯૪૮ હેલ્થકેર વર્કર્સ અને ફ્રન્ટલાઈન વર્કર; ૪૫થી વધુ વયના ૧,૧૬,૩૭,૦૮૭ તેમજ ૧૮ થી ૪૪ વયજૂથના ૯૫,૨૮,૮૭૮ લોકોનો સમાવેશ થાય છે. રાજયના આઠ મહાનગરોમાં રસી લેવાની પાત્રતા ધરાવતા ૧,૦૯,૯૯,૬૪૨ વ્યક્તિ સામે ૭૪,૭૬,૧૭૪ નાગરિકોને રસીનો પ્રથમ ડોઝ અને ૨૧,૮૯,૬૦૭ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપી દેવાયો છે. આમ સમગ્રતયા રાજ્યના ૮ મહાનગરોમાં કુલ ૯૬,૬૫,૭૮૧ રસીના ડોઝ આપવામાં આવ્યા છે અને ૬૮% શહેરીજનોને પ્રથમ ડોઝ આપી દેવાયો છે.

## હાલારમાં ઘુસતા નશાકારક દ્રવ્યો....આવે છે ક્યાંથી??વધુ ૧ કેસ



રીપોર્ટ ભરત ભોગાયતા-જામનગર

કમલમ દૈનિક, જામનગર

જામનગર જિલ્લાના ધ્રોલ નજીક આવેલા વાંકિયા ગામ પાસેથી એસઓજીની ટીમે મળેલી બાતમીના આધારે ટ્રક અને કાર સહિતના મુદ્દામાલ સાથે ૩૬ કિલો ૯૦૦ ગ્રામ નશીલા પદાર્થ ગાંજાના જથ્થા સાથે ચાર શખ્સોને રૂા.૨૩.૮૦ લાખના મુદ્દામાલ સહિત ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરવા ધ્રોલ પોલીસને સોંપી આપ્યા હતાં. જો કે મહત્વની બાબત એ છે કે રાજ્ય અને દેશના અનેક વિસ્તારોની જેમ જામનગર અને દ્વારકા જીલ્લાઓમા નશાકારક દ્રવ્યો ઘુસે છે ક્યાથી કેમકે વારંવાર ડ્રગ્સ વગેરે ઝડપાય છે વળી નાનો જથ્થો સાચવવો પણ સહેલો હોઈ ઝડપથી પોલીસના ધ્યાનમા પણ ન આવે તેવુ બને છે તેમજ જામનગર ના અમુક વિસ્તારોમા અમુક લોકો ડ્રગ્સના બંધાણી થઈ ગયાનુ અનુમાન છે માટે પોલીસે પહેલા તો ડ્રગ્સ સહિત નશાકારક દ્રવ્યો ક્યાથી ઘુસે છે કોન કોન લે છે મેઈન ડીલર તેમજ સપ્લાયર કોન છે અને આખી ચેઈન કેવી રીતે ગોઠવાય છે તે ભેદવુ પડે કેમકે જે જથ્થો પકડાય છે તેથી અનેકગણો જથ્થો ક્યાક ને ક્યાક સંતાયેલો રખાયો હોય તે શક્યતા નકારી શકાતી નથી. આ અંગેની વિગત મુજબ, જામનગર અને દ્વારકા જિલ્લામાં હાલમાં જ પોલીસે રેઈડ દરમિયાન ગાંજાના જથ્થો ઝડપી લીધાની ઘટનામાં થોડા જ દિવસોમાં વધુ એક મોટો જથ્થો ઝડપાયો છે. આ દરોડાની વિગતમાં જામનગર એસઓજી પીઆઈ એસ.એસ. નિનામા તથા ટીમ દ્વારા મળેલી બાતમીના આધારે ધ્રોલ તાલુકાના વાંકિયા ગામના પાટિયા પાસેથી પસાર થતા એક ટ્રક અને કારને આંતરીને તલાસી લેતા અનિરૂધ્ધસિંહ ઉમેદસિંહ જાડેજા, જેમ્સ જેકબ ક્રિશ્ર્ચન, શાહરુખ ઉર્ફે ભુરો અને જાવીદ કાસમ જામ નામના ચાર શખ્સોની તલાસી લેતા તેના કબ્જામાંથી રૂા.૩,૬૯,૦૦૦ ની કિંમતનો ૩૬ કિલો ૯૦૦ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવતા પોલીસે ચાર શખ્સોની અટકાયત કરી હતી અને તેમની પાસેથી એક ટ્રક અને કાર મળી કુલ રૂા.૨૩,૮૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. એસઓજીની ટીમે આ અંગે ચારેય શખ્સોને ગાંજાના જથ્થા અને મુદ્દામાલ સાથે ધ્રોલ પોલીસને સોંપી આપ્યા હતાં અને એનડીપીએસ એકટ હેઠળ ચાર શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ માટે ધ્રોલ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી તેમજ આ કાર્યવાહી દરમિયાન અજય, નવાબ અને અજાણ્યા શખ્સ સહિતના ત્રણ શખ્સો નાશી ગયા હોય જેની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા હતાં.

### કડવા લીમડાની મીઠી આવક !!

# ભાભર માર્કેટયાર્ડનો એક જ ધ્યેય મંત્ર– “લીમડા વાવો, લીબોળી લાવો”

**લીંબોળીના ૨૦ કિ.લો.ના ભાવ રૂ. ૨૩૦થી ૩૨૦ મળતાં શેઢે-પાળે લીમડા વાવતા ખેડુતો ખુશખુશાલ : બનાસકાંઠાની લીંબોળીની માંગ તમિલનાડું, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સહિત દેશના અનેક રાજ્યોમાં**









રીપોર્ટ -આનંદ ઠકકર- ડીસા

### ભાભર માર્કેટ્યાર્ડ બન્યું લીંબોળીનું હબ, દૈનિક ૫૦ લાખનું ટર્ન ઓવર

કમલમ દૈનિક,

કડવા લીમડાના વૃક્ષ વિશે તો સૌ કોઈ જાણતા જ હશો ને ? લીમડો શીતળ છાયા તો આપે જ છે, સાથે-સાથે ઔષધીય ગુણથી પણ ભરપૂર હોય છે. પરંતુ તમે આવુ સાંભળ્યું છે કે, લીમડાના વૃક્ષમાંથી સારી આવક પણ મેળવી શકાય ? જી.... હા જો તમે સાંભળ્યું કે વાચ્યું હોય તો તે બિલકુલ સાચું છે અને જો ના સાંભળ્યું કે ના વાચ્યું હોય તો જાણીલો કે કડવા લીમડાના વૃક્ષ પણ મીઠી આવક આપે છે. લીમડાની લીંબોળીમાંથી કેવી આવક થાય છે ? કેવી રીતે વેચાણ થાય છે ? જેવા તમારા મનમાં ઉદ્દભવતા તમામ પ્રશ્નોના જવાબો વિગતે જાણીએ. સૂકા પ્રદેશમાં વસતા બનાસવાસીઓ શીતળ છાયા અને લાકડા માટે લીમડાનો ઉછેર વર્ષોથી કરતા હતા. પરંતુ આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના એક નિર્ણયથી લીમડાની લીંબોળીના પણ ભાવ આવ્યાં છે. રાસાયણીક ખાતરોને નીમ કોટેડ કરવાના નિર્ણયથી અપાર ઔષધીય ગુણો ધરાવતા લીમડાની લીંબોળીની માંગ ફર્ટીલાઈઝર કંપનીઓમાં વધી ગઈ છે. જેના લીધે બનાસવાસીઓ લીમડાની લીંબોળીમાંથી વધારાની આવક મેળવી રહ્યાં છે. બનાસકાંઠા જિલ્લાની ભાભર ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ ખાતે ખાદ્ય પાકો, તેલબીયાં પાકોનું ખરીદ-વેચાણ તો થાય જ છે, પરંતુ આ માર્કેટયાર્ડ ખાતે લીંબોળીની મોટા પ્રમાણમાં ખરીદી અને વેચાણ પણ થાય છે. ભાભરની માર્કટયાર્ડની લીંબોળી તમિલનાડુ, મધ્યપ્રદેશ સહિત દેશના અનેક રાજ્યોમાં સ્થાપાયેલ વિવિધ ફર્ટીલાઈઝર કપંનીઓમાં જતી હોવાથી તેની માંગમાં વધારો થયો છે. ભાભર માર્કેટયાર્ડના ઈન્સ્પેકટરશ્રી વિપુલકુમારે જણાવ્યું કે, ભાભર માર્કટયાર્ડ ખાતે દર વર્ષે જૂન અને જુલાઈમાં લીંબોળીની સારી આવક થાય છે, જેમાં આ વર્ષે જૂન મહિનામાં દૈનિક ૭,૫૦૦ બોરીની આવક થઈ છે, લીબોળીની એક બોરી અંદાજે ૪૫ કિ.ગ્રા.ની આવે છે એટલે જૂન મહિનામાં દૈનિક અંદાજે આવક ૩૦ લાખ કિ.ગ્રા.ની આજુબાજુ આવક થઈ હતી. જુલાઈ મહિનામાં લીંબોળીની આવક દર વર્ષની જેમ આવક ઓછી થાય છે. જેમાં વર્તમાનમાં દૈનિક આવક ૪,૦૦૦ બોરીની આસપાસ થાય છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકારશ્રીના “વૃક્ષો વાવો અને વરસાદ લાવો” ના ધ્યેય મંત્રને અનુસરીને ભાભર માર્કેટયાર્ડે પણ એક જ ધ્યેય મંત્ર બનાવ્યો છે કે, “લીમડા વાવો, લીંબોળી લાવો.” તેમણે કહ્યું કે, આ વિસ્તારના ખેડુતો પોતાના ખેતરના શેઢે-પાળે લીમડાના ઝાડ વાવી ખેતીની સાથે વધારાની આવક મેળવી રહ્યાં છે. વેપારીશ્રી દયારામભાઈ ખેંગારભાઈ ઠક્કરે જણાવ્યું કે, ભાભર માર્કેટયાર્ડ ખાતે ૪૫ વર્ષથી ખરીદ-વેચાણ અને કમિશન એજન્ટ તરીકે કામ કરુ છું. લીંબોળીનું જ્યારે સૌ પ્રથમ ખરીદ-વેચાણ શરૂ થયું ત્યારથી લીંબોળીની ખરીદી કરી વેચાણ કરુ છું. પણ મહત્વની વાત એ છે કે જ્યારે અમુક વર્ષો પહેલા લીંબોળીની આવક શરૂ થઈ ત્યારે ૨૦ કિ.ગ્રા.ના માત્ર ૧૦ રૂપિયાનો ભાવ હતો અને સામે આવક પણ બહુ જ ઓછી હતી. પરંતુ દર વર્ષે ભાવ પણ વધતો ગયો છે અને સામે લીંબોળીની આવક પણ વધતી જાય છે. આ વર્ષે જૂન મહિનામાં ૩૨૦ રૂપિયા મણના ભાવે અમે લીંબોળીની ખરીદી કરી છે અને ચાલુ મહિને ૨૩૦ થી ૨૮૦ રૂપિયે લીંબોળીની ખરીદી કરી રહ્યાં છીએ. વેપારીશ્રી દયારામભાઈએ કહ્યું કે, ભાભર માર્કેટયાર્ડની લીંબોળી મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, તમિલનાડું સહિત દેશના અનેક રાજયોમાં નિકાસ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે, અમારે ત્યાં સાંતલપુર, હારીજ જેવા ભાભરથી ૧૦૦ કિ.મી. અંતર સુધીના ખેડૂતો અહીં લીંબોળી વેચવા આવે છે અને તેમને સારા ભાવ પણ મળી રહે છે. પરંતું જો જી.એન.એફ.સી. દ્વારા લીંબોળની મોટાપાયે ખરીદી કરવામાં આવે તો ખેડુતોને હજી પણ વધારે ભાવ મળી શકે છે. ખેડૂતશ્રી હિરાભાઈ પટેલે જણાવ્યું કે, હું છેલ્લા ૧૦ વર્ષથી ભાભર માર્કેટયાર્ડ ખાતે લીંબોળીના વેચાણ માટે આવું છું તેમજ દર વર્ષે લીંબોળીના ભાવ વધતા જાય છે. ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે સારા ભાવ મળ્યાં છે. લીંબોળી માટે કોઈ ખાસ મહેનત કે દવાની પણ જરૂર પડતી નથી. લીમડાના ઉછેરથી પર્યાવરણનુ જતન થાય છે, નીમ મહોરનો આઠ પહોરીઓ જ્યુસ, દાંતણ જેવા ઔષધીય ગુણોથી પણ લીમડો ભરપૂર હોય છે. આમ, લીમડો ખૂબ જ ગુણકારી તો જ છે જ તેની લીંબોળીમાંથી સારી આવક થતી હોવાથી કડવો લીમડો ખેડુતોને મીઠો મધ જેવો લાગે છે.

## ડીસા મોઢી સમાજ દ્વારા બહુચરાજી પગપાળા ૪૩ માં સંઘનું પ્રસ્થાન



રીપોર્ટ -આનંદ ઠકકર- ડીસા

કમલમ દૈનિક,

ડીસા મોદી સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢ સુદ ૧૨ ને તારીખ ૨૧/ ૭/ ૨૦૨૧ ને બુધવારના રોજ માતાશેરી ખાતે આવેલ માં બહુચર માતાના મંદિરેથી વહેલી સવારે પગપાળા સંઘનું માતાજીની આરતી તેમજ દર્શન કરીને મોદી સમાજ ના પ્રમુખ શ્રી ઈશ્વરલાલ કાનુડા વાળા એ ૪૩ માં સંઘ ને લીલી ઝંડી બતાવીને સંઘનું પ્રસ્થાન કરાવેલ.

આ સંઘનું માતાશેરી થી લેખરાજ ચાર રસ્તા. થઈ વાડી રોડ અંબાજી મંદિર થઈ ને મારવાડી મોચી વાસ. ઢેબર રોડ. સદર બજાર. રામ ચોક. થઈ ને ગાંધી ચોક માં રૂપા માતાના મંદિરે દર્શન કરી શ્રી જી ચોક મોટા મહેલા માં વીર દાદાના દર્શન કરી સરકારશ્રી ની ગાઈડલાઈન મુજબ માસ્ક પહેરીને તેમનું સોસયલ ડીસ્ટન રાખીને જુનાડીસા તરફ પ્રસ્થાન કરાવ્યો જુનાડીસા માં માતાજી ના એકભગત તરફથી સુન્દર ચા નાસ્તા ની વેવસ્તા કરવામાં આવી હતી જેનું આયોજન મોદી સમાજ રસ રોટલી ગૃપ એ સંભાળ્યુ હતી ત્યાર બાદ બપોરે ૧૧ કલાકે નવા ગામ માં જમવાનું ત્યાર બાદ જંગરાલ થીઈ ને વાગડોદ મુકામે ગોગા મહારાજના મંદિરે રાત્રી રોકાણ કરશે અને સવારે વહેલા આગાર મુકામે શાસ્ત્રીનગર ગ્રુપ તરફથી સુંદર બદામ શેક ની વ્યવસ્થા કરેલ ત્યારબાદ પાટણ થઈ

ચાણસ્મા મોઢેરા થઈ ને બહુચરાજી મુકામે અષાઢ સુદ ચૌદશને શુક્રવાર તારીખ ૨૩ /૭/ ૨૦૨૧ ના રોજ બહુચરાજી મુકામે સવારે પહોંચી જશે નગરમાં શોભાયાત્રા ફરશે

અને મંદીર માં માતાજી ના ચરણો મા ધજા ચઢાવેલ અને ભોજન પ્રસાદ નો લાભ બંસીલાલ પોપટલાલ કાનુડા વાળા પરિવાર તરફથી ભોજન પ્રસાદનું વિતરણ કરવામાં આવશે

કોરોનાની મહામારી ના કારણે લોકો દુર દુર ઉભા રહી ને માતાજીની ધજા ના દર્શન નો લાભ લીધો રસ્તામાં પાણી તેમજ ઠંડા ની વેવસ્તા અજયભાઈ ચોખાવાલા તરફથી ગોઠવવામાં આવી હતી સરકારશ્રી ની ગાઈડ લાઈન મુજબ આયોજન કરવામાં આવ્યું હતું.



રીપોર્ટ -સંદીપ વ્યાસ- મોરબી

કમલમ દૈનિક,

નાની બાળાઓ માટેના ગૌરીવ્રતનો પ્રારંભ થયો છે જેમાં પરંપરા મુજબ બાળકીઓ મોરાવ્રત રાખીને ઝવેરાંનું પૂજન કરતી હોય છે ત્યારે મહિલા મોરચાની બહેનો પૂજન સ્થળે પહોંચી બાલિકાઓને પ્રોત્સાહિત કરી હતી. મોરબીના સ્ટેશન રોડ પરના જડેશ્વર મંદિર ખાતે નાની બાલિકાઓ ઝવેરા પૂજન માટે પહોંચી હોય જ્યાં મોરબી શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ નિર્મળાબેન હડીયલની આગેવાની હેઠળ મહિલા મોરચાની બહેનોએ બાલિકાઓને વેફર અને કીટ આપીને પ્રોત્સાહિત કરી હતી

## ડાંગ જિલ્લામા છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સરેરાશ 34 મી.મી. જેટલો વરસાદ નોંધાયો

**વઘઈ તાલુકાના સુપદહાડ-સૂર્યાબરડા તથા નાનાપાડા-કુમારબંધ માર્ગ અવરોધાયા**

રીપોર્ટ -અમરનાથ જગતાપ-ડાંગ



કમલમ દૈનિક, આહવા

વનાચ્છાદિત ડાંગ જિલ્લામા આજે સવારે છ વાગ્યે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન સરેરાશ ૩૪ મી.મી. જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે. જિલ્લા ફલડ નિયંત્રણ કક્ષ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર ડાંગ જિલ્લાના આહવા તાલુકામા છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ૩૧ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે વઘઈ ખાતે ૩૮ મી.મી., સુબિર ખાતે ૨૦ મી.મી., અને ગિરિમથક સાપુતારા ખાતે ૪૭ મી.મી. વરસાદ નોંધાવા પામ્યો છે. આ સાથે આહવા તાલુકાનો મોસમનો કુલ વરસાદ ૫૯૬ મી.મી., વઘઈ નો ૫૬૫ મી.મી., સુબિરનો ૨૨૩ મી.મી., અને સાપુતારાનો મોસમનો કુલ વરસાદ ૫૫૬ મી.મી. નોંધાતા ડાંગ જિલ્લામા મોસમનો કુલ સરેરાશ વરસાદ ૪૮૫ મી.મી. નોંધાવા પામ્યો છે. ડાંગ જિલ્લામા નોંધાયેલાં આ વરસાદને કારણે જિલ્લાના વઘઈ તાલુકાની અંબિકા નદી ઉપરના બે જેટલા લો લેવલ કોઝ વે ઓવર ટોપિંગ થવાને કારણે વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે. ડાંગ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ તરફથી મળેલી વિગતો અનુસાર વઘઈ તાલુકાના સુપદહાડ-સૂર્યા બરડા તથા નાનાપાડા-કુમારબંધ માર્ગ વરસાદી પાણીને કારણે અવરોધાયા છે. આ માર્ગેથી આવનજાવન કરતા વાહનચાલકો તથા રાહદારીઓને પ્રશાસને સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો અનુરોધ કરાયો છે.

# સેવા સાથે સમર્પણ નો ભાવ હોય એ પ્રગતિ ની નિશાની છે









રીપોર્ટ -અજય ખત્રી - કચ્છ

કમલમ દૈનિક, માંડવી

મસ્કા ગામ ના સરપંચ કીર્તિભાઈ ગોર ના જન્મ દિવસ ની અનોખી ઉજવણી કરાઈ.ભારતીય જનતા પાર્ટી ના રંગે રંગાયેલા સેવા એજ સંગઠનના સૂત્ર ને સાર્થક કરતા કીર્તિભાઈ ગોર ના જન્મ દિવસ નીમિતે અને સાથે ભારતીય જનતા પાર્ટી ના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ના પદભાર અને સફળ નેતૃત્વ નો એક વર્ષ પૂર્ણ થવા ના અવસરે આજે મસ્કા ગામ ખાતે વૃક્ષારોપણ,વેકસીનેશન,મેડિકલ કેમ્પ ની સાથે દીકરીઓ ની આંખ ની તપાસ નું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટી જિલ્લા મહામંત્રી અનિરુદ્ધ ભાઈ દવે એ જણાવ્યું હતું કે કિર્તી ભાઈ ના જીવન માં થી ગણું શીખવા મળે એમ છે વિશેષ મા તેમણે જણાવ્યું હતું કે સેવા સાથે સમર્પણ નો ભાવ હોય એ પ્રગતિ ની નિશાની છે એક સરપંચ તરીકે ગામ ના વિકાસ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર ની દરેક યોજનાઓ નો ઉંડો અભ્યાસ કરી તેનો કંઈ રીતે ગામના લોકો ને લાભ મળે તે કોઠાસૂઝ તેમની આગવી ઓળખ રહી છે, કોઈ પણ સેવાકીય કાર્ય મા આ યુવા સરપંચ 24×7 day હમેશાં તત્પર રહે છે...

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપરકોટ કિલ્લાની મુલાકાતે

# ઉપરકોટની મૂળ ગરિમા-સ્ટ્રક્ચરને જાળવી રાખી હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટને પ્રવાસી- અભ્યાસુઓ લક્ષી બનાવવા માર્ગદર્શન આપતા મુખ્યમંત્રીશ્રી

## ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા રૂ.૪૫.૯૧ કરોડના ખર્ચે થઈ રહેલી ઉપરકોટના કન્ઝર્વેશન -રિસ્ટોરેશન કામગીરીનું નિરીક્ષણ કરતા મુખ્યમંત્રીશ્રી



કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જૂનાગઢની ઐતિહાસિક વિરાસત એવા પૌરાણિક ઉપરકોટના કિલ્લાની મુલાકાત લઈ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા રૂ.૪૫.૯૧ કરોડના ખર્ચે ચાલી રહેલા ઉપરકોટના કન્ઝર્વેશન અને રિસ્ટોરેશનના પ્રોજેક્ટનું તલસ્પર્શી નિરીક્ષણ કર્યું હતું મુખ્યમંત્રીશ્રીએ ઉપરકોટમાં મુખ્ય પ્રવેશદ્વાર, નીલમ તોપ, રાણકમહેલ, અડી કડી વાવ, અનાજ કોઠા, બારૂદ ખાના, સાયકલ ટ્રેક તેમજ ૨.૫ કી.મી કિલ્લાની રિસ્ટોરેશનની કામગીરીનું નિરીક્ષણ કરી પ્રોજેક્ટની સર્વગ્રાહી સમીક્ષા પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીની સાથે પ્રવાસન મંત્રી અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા પણ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રોજેક્ટ

### જૂનાગઢને સૌરાષ્ટ્રની ટુરીઝમ સર્કિટ સાથે જોડીને પર્યટન વિકાસનુ હબ બનાવવું છે-મુખ્યમંત્રીશ્રી

પૂર્ણ થયે રાજ્ય સરકારના પ્રવાસનને પ્રોત્સાહન આપવાની વિકાસ લક્ષી નીતિના પગલે પ્રવાસીઓને મુલાકાતીઓને જે વિશેષ સુવિધા મળવાની છે તે અંગે પરામર્શ કરી વિશેષ વિગતો આપી હતી. ઉપરકોટમાં એવા કેટલાક અવશેષો અને સ્મારકો જે અત્યાર સુધી વર્ષોથી માટી ભરાઈ જવાના કારણે લોકોને જોવા મળ્યા ન હતા એ હવે રાજ્ય સરકારની પહેલ રૂપ કામગીરીને લીધે લોકોને અને અભ્યાસુઓ ને જોવા મળશે. મુખ્યમંત્રીશ્રીએ તમામ સ્મારકોની માહિતી મેળવી લોકોને તમામ બાબતોની માહિતી પણ મળી રહે તે અંગેની વ્યવસ્થા માટે માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે જૂનાગઢ પ્રવાસન અને તીર્થ સ્થળો નું ધામ છે. રાજ્ય સરકાર દ્વારા ગીરનાર ક્ષેત્રમાં પ્રવાસન વિકાસ ની કામગીરી બાદ મકબરા અને ઉપરકોટ ની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉપરકોટ જેવો હતો તેવો જ તેનું પુરાતત્વીય સ્ટ્રક્ચર જળવાઈ રહે તે રીતે પુનઃસ્થાપિત કરીને લોકો સમક્ષ રજૂ કરવો છે. જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના ટુરીઝમ વિકાસ અને સર્કિટને જોડીને વિકાસ લક્ષી કામગીરી થાય અને પર્યટકો માટે સુવિધા વધે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને તે પ્રમાણે પ્રોજેક્ટ પૂર્ણ થઈ રહ્યા છે એમ તેમણે કહ્યું હતું. આવા પ્રવાસન સ્થળોએ લોકોની જરૂરિયાત મુજબની જરૂરી સુવિધા મળશે તેવી નેમ તેમણે વ્યકત કરી હતી. આ વેળાએ પ્રવાસન નિગમના એમ.ડી જેનુ દેવન, જૂનાગઢ મહાનગરપાલિકા ના મેયર શ્રી ધીરૂભાઈ ગોહેલ, કલેકટર શ્રી રચિત રાજ તેમજ જિલ્લા શહેર ભાજપના આગેવાનો કોર્પોરેટરો અને જિલ્લા તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે સુરતની સુમન શાળાઓમાં ધોરણ ૧૧ના આર્ટસ, કોમર્સ અને સાયન્સના ૨૪ વર્ગોનો શુભારંભ



કમલમ દૈનિક, સુરત

સુરત શહેરના આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓના શિક્ષણની સુવિધા માટે વરાછા, કતારગામ, લિંબાયત તેમજ ઉધના ઝોન વિસ્તારમાં આવેલી સુમન શાળાઓમાં ધો.૧૧ના આર્ટસ, કોમર્સ અને સાયન્સના ૨૪ વર્ગોનો શુભારંભ મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ સાથે ગુજરાતી, મરાઠી અને હિન્દી એમ ત્રણ ભાષાઓમાં ઉચ્ચત્તર શિક્ષણ આપતી સુરત મનપા દેશની પ્રથમ મહાનગરપાલિકા બની છે.આ પ્રસંગે મ્યુ.કમિશનરશ્રી બંછાનિધી પાનીએ જણાવ્યું હતું કે, દેશભરમાં એકમાત્ર સુરત મહાનગરપાલિકા તેના સંચાલન હેઠળની શાળાઓમાં વિવિધ ૦૭ જેટલી ભાષાઓમાં શિક્ષણ પૂરૂ પાડે છે. દેશના વિવિધ રાજ્યોમાંથી રોજગારી માટે લાખો લોકો સુરત આવીને વસ્યા હોવાથી તેમના બાળકોને માતૃભાષામાં જ શિક્ષણ મળી રહે એ માટે વિશેષ પહેલ કરીને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ સિદ્ધિમાં વધુ એક યશકલગીરૂપે હવે સુમન શાળાઓમાં ધો.૧૧ના આર્ટસ, કોમર્સ અને સાયન્સના ૨૪ વર્ગોનો શુભારંભ થઈ રહ્યો છે. જેમાં પ્રવેશ પામેલા ૧૫૬૨ વિદ્યાર્થીઓએ શિક્ષણપ્રાપ્તિની શરૂઆત કરી છે, જે સરાહનીય છે. તેમણે વર્ચ્યુઅલી જોડાયેલા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવી સામાજિક અને શૈક્ષણિક રીતે પ્રગતિના શિખરો સર કરી દેશના સર્વાંગી વિકાસમાં સહભાગી બને તેવી અપેક્ષા આ પ્રસંગે વ્યક્ત કરી હતી. મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલાએ જણાવ્યું હતું કે, ધો.૧૧ના ૨૪ વર્ગોમાં ગુજરાતીના ૧૦, હિન્દીના ૦૩ અને મરાઠીના ૧૧ વર્ગોનો સમાવેશ થાય છે. સુરતના સેવાભાવી ઉદ્યોગકારો અને સામાજિક અગ્રણીઓના સહયોગથી આ નવું સોપાન શરૂ કરાયું છે. સાથે સુરતના સી.એ.ની સંસ્થા CAI પણ શિક્ષણ આપવામાં સહયોગી થશે.

મુગલીસરા સ્થિત સુરત મહાનગરપાલિકાના સ્મેક સેન્ટર ખાતે આ વર્ગોના વર્ચ્યુઅલ લોકાર્પણ કાર્યક્રમમાં ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઈ પટેલ, , દંડકશ્રી વિનોદભાઈ પટેલ અને પાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સાંસદશ્રી સી. આર. પાટીલ, વિવિધ સ્કૂલો પરથી ધારાસભ્યો, કોરપોરેટરો, શિક્ષણ સમિતિના સભ્યો, અધિકારીઓ, સુમન શાળાના શિક્ષકો વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ વર્ચ્યુઅલ હાજરી આપી હતી.

### એટીએમ જેવું બની ગયું છે પુરવઠા વિભાગનું રાશન કાર્ડ

# ગુજરાતમાં પ્રતિ માસ ૩૫ હજારથી વધુ પરિવારો બીજા જિલ્લામાંથી મેળવે છે રાશન

#### ગુજરાતમાં બીજા રાજ્યના બે હજાર કરતા વધુ પરિવારો જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનું રાશન

### વન નેશન – વન રાશન કાર્ડથી દાહોદ સહિતના આદિવાસી બાહુલ જિલ્લાના પ્રવાસી શ્રમિકોને વિશેષ ફાયદો

કમલમ દૈનિક,

હવે તો રાશન કાર્ડ પણ એટીએમ જેવું બની ગયું છે. વન નેશન-વન રાશન કાર્ડની યોજનાના અમલ બાદ એટીએમ જેવું કામ કરવા લાગેલા રાશન કાર્ડને પરિણામે કાર્ડધારકને તેમની નજીકની કોઈ પણ સસ્તા અનાજની દૂકાનેથી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનું રાશન મળવા લાગતા વિશેષ સહુલિયત ઉભી થઈ છે. ગુજરાતમાં આ યોજના અંતર્ગત પ્રતિ માસ ૩૫ હજાર કરતા વધારે પરિવારોને તેમના જિલ્લા સિવાયના બીજા જિલ્લાઓમાંથી રાશન મળી રહ્યું છે. ખાસ કરીને દાહોદ સહિતના આદિવાસી બાહુલ્ય ધરાવતા જિલ્લાઓના પ્રવાસી શ્રમિકોને આ યોજનાથી ફાયદો થયો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની મહત્વાકાંક્ષી યોજના વન નેશન-વન રાશન કાર્ડ અંતર્ગત પોર્ટેબલિટી સુવિધા ગુજરાતમાં ચાલું થઈ છે. મતબલ કે જો તમારૂ રાશન કાર્ડ કોઈ એક જિલ્લામાં હોય તો તમે બીજા જિલ્લામાંથી પણ જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનું રાશન કાર્ડ મેળવી શકો છે. એટલું જ નહી, જિલ્લાની અંદર પણ એક તાલુકાના કાર્ડ બીજા તાલુકામાં ચાલે છે. વન નેશન – વન રાશન યોજના અમલી બનાવનારા રાજ્યો જેવા કે આંધ્રપ્રદેશ, બિહાર, દિવ-દમણ અને દાદરાનગર હવેલી, ગોવા, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, કેરલ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મિઝોરમ, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, સિક્કીમ, તેલંગણા, ત્રિપુરા, ઉત્તરપ્રદેશ, જમ્મુકાશ્મીર, મણીપુર, નાગાલેન્ડ અને ઉત્તરાખંડ સહિતના મળી કૂલ ૨૨ રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશમાં ગત્ત ઓગસ્ટ સુધીમાં આ યોજના લાગુ કરી દેવામાં આવી હોવાથી ગુજરાતના કોઈ પણ લોકો ત્યાંથી આ બધા રાજ્યોના નાગરિકો ગુજરાતમાંથી રાશન મેળવી શકે છે. ગુજરાતમાં પ્રતિ માસ અઢી હજારથી વધુ પરપ્રાંતીય પરિવારો રાશન મેળવી રહ્યા છે. વન નેશન –વન રાશન કાર્ડ યોજના પરિણામે આદિવાસી વિસ્તારોને વિશેષ ફાયદો થયો છે. દાહોદ, ગોધરા, છોટાઉદેપુર, મહિસાગર, ડાંગ, તાપી જેવા ભૌગોલિક પ્રતિકૂળતા ધરાવતા વિસ્તારોમાંથી મોટા પ્રવાસીઓ રાજ્યના મોટા શહેરોમાં અર્થોપાર્જન માટે અસ્થાયી સ્થળાંતર કરી જાય છે. આ પ્રવાસી શ્રમિકો પોતાનું અનાજ સાથે લઈ જતા હતા. પણ હવે મોટા શહેરોની કોઈ પણ એફપીએસ પરથી રાશન મેળવી શકે છે. આંતર જિલ્લા રાશન મેળવનારા પરિવારોની પુરવઠા તંત્ર પાસેથી મળેલી સંખ્યા જોઈએ તો મોટા શહેરોમાં વધુ છે. ગત્ત જુન માસમાં અમદાવાદ શહેરમાં ૩૮૯૪, સુરતમાં ૪૨૫૬, રાજકોટમાં ૨૧૩૧, મહેસાણામાં ૨૨૪૭, વડોદરામાં ૧૯૨૯, કચ્છમાં ૧૧૮૧ પરિવારોએ રાશન મેળવ્યું હતું. ગત્ત જૂન મહિનામાં કૂલ ૩૫૨૪૭ પરિવારોએ આંતર જિલ્લા રાશનનો લાભ લીધો હતો. એનો મતલબ સ્પષ્ટ છે કે પ્રવાસી શ્રમિકો આ શહેરોમાં જઈને સરળતાથી રાશન મેળવી રહ્યા છે. બીજી રસપ્રદ વાત એ પણ છે કે, બીજા રાજ્યના સૌથી વધુ ૯૩૭ પરિવારોએ જૂનમાં સુરતમાંથી રાશન મેળવ્યું હતું. એ બાદ અમદાવાદમાં ૨૩૭ પરપ્રાંતીય પરિવારોએ આનો લાભ લીધો હતો. રાજ્યમાં પ્રતિ માસ બે હજાર કરતા વધુ પરિવારો આંતરરાજ્ય રાશનનો લાભ લઈ રહ્યા છે. ગુજરાતમાં જિલ્લા અંદર આંતર તાલુકામાં રાશન પોર્ટેબલિટી થઈ રહી છે. ગત્ત માસમાં ૧૨૪૩૫ પરિવારોએ તેનો લાભ લીધો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની નેતૃત્વની ગુજરાત સરકારે બીજા રાજ્યના લોકો માટે પણ સરખી અને પ્રક્રીયા રાખી છે. એટલે રાશનકાર્ડ ધારક સસ્તા અનાજની દૂકાને જઈ માત્રપોતાની થમ્બ ઈમ્પ્રેશન આપી નિયત અનાજ મેળવી શકે છે. એનએફએસ કાર્ડ ધરાવતા પરિવારોને વિનામૂલ્યે રાશન મળે છે.

# મોડાસામાં અરવલ્લી જિલ્લા બક્ષીપંચ મોરચાનું ભવ્ય સંમેલન યોજાયું

## પ્રદેશ બક્ષીપંચ મોરચા પ્રમુખ પદરના ખર્ચે ૫ લાખ લોકોના વીમા લેશે



કમલમ દૈનિક, મોડાસા,

ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રદેશ પ્રમુખ ઉદયભાઈ કાનગડે જણાવ્યું કે રાષ્ટ્ર પ્રથમ..જેનું રાષ્ટ્રનું ગૌરવ કરીએ છીએ એ રાષ્ટ્રના આપણે સંતાન છીએ.એ આપણું ગૌરવ છે.આ દેશ જ્યારે વિશ્વમાં મજબૂત થતો જાય છે તેમ વિદેશી તાકાતો દેશને તોડવાની હીન પ્રવૃત્તિ કરે છે, આ દેશનો સપૂત કે જેની તરફ સમગ્ર વિશ્વની મીટ છે એવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું રાષ્ટ્ર માટે સમર્પિત જીવન આપણા સૌના માટે પ્રેરણા,ઉર્જા અને શક્તિ આપનારું છે.

આપણે સતત જનતાની સેવામાં કાર્યરત રહીએ અને સૌનો સાથ,સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ એને ચરિતાર્થ કરીએ. મોડાસા ખાતે આજરોજ યોજાયેલ અરવલ્લી જિલ્લા બક્ષીપંચ મોરચાના તમામ ૬ તાલુકાઓ અને બે શહેર મળી ૮ મંડલોના કાર્યકર્તાઓના ભરચક સમેલનમાં બોલતા ઉપર બક્ષીપંચ મોરચાના પ્રદેશ પ્રમુખ ઉદયભાઈ કાનગડે મુજબ જણાવ્યું હતું. આ સમેલનના પ્રારંભે જિલ્લા ભાજપના પ્રમુખ રાજેન્દ્ર ભાઈ પટેલ અને જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ સુરેશભાઈ ઠાકોરે સૌને આવકાર્યા હતા.પ્રદેશ બક્ષીપંચ મોરચા મહામંત્રી મયંકભાઈ નાયક,જિલ્લા પ્રભારી જયશ્રીબેન દેસાઈ,સહ પ્રભારી ગીરીશભાઈ જગાણિયા જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રભારી રાજુભાઈ પંચાલ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

આ સમેલનમાં અરવલ્લી જિલ્લાના મહામંત્રીઓ ભીખાજી ઠાકોર,હસમુખભાઈ પટેલ, શૈલેષભાઈ ભોઈ,જિલ્લા સંગઠનના ઉપપ્રમુખ વનિતાબેન પટેલ,પૂર્વ પ્રમુખ રણવીરસિંહ ડાભી,જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ,પૂર્વ ધારાસભ્ય સર્વશ્રી ધવલસિંહ ઝાલા,ભીખીબેન પરમાર, ભીખુસિંહ પરમાર,અદેસિંહ, પી.સી. બરંડા, નગરપાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસાર બક્ષીપંચ મોરચાના મહામંત્રી આશિષ જયસ્વાલ,રંગુસિંહ પરમાર સહિત મોરચાની ટિમ ,જિલ્લા-તાલુકા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખો તેમજ વિવિધ સમીતિઓના ચેરમેનો ઉપરાંત તમામ આઠ મંડલોના જિલ્લા ભરના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મોડાસા શહેર ઉપપ્રમુખ અશોકભાઈ શ્રોફ અને મહામંત્રી હસમુખભાઈ પટેલે કર્યું હતું..જ્યારે અંતમાં આભાર વિધિ મહામંત્રી ભીખાજી ઠાકોરે કરી હતી.

# ગળતેશ્વર તાલુકાના અંબાવમાં ૨ હજાર લીટર શંકાસ્પદ કેમિકલયુક્ત જ્વલનશીલ પ્રવાહી સાથે એક ઝડપાયો



રીપોર્ટ -રાકેશ મકવાણા -ખેડા

કમલમ દૈનિક,

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના અંબાવ ગામેથી શંકાસ્પદ કેમિકલયુક્ત જવલનશીલ પ્રવાહી મળી આવતા ચકચાર મચી જવા પામી છે એલસીબી અને એસોજી પોલીસની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ૨ હજાર લીટર જેટલું શંકાસ્પદ કેમિકલયુક્ત જ્વલનશીલ પ્રવાહીને શીલ કરી દીધું છે આ બનાવમાં વેચાણ કરતા બે લોકો સામે સેવાલિયા પોલીસ મથકે ફરિયાદ નોંધવાઈ છે. મળતી માહિતી મુજબ અંબાવ ગામમાં કાઠિયાવાડી હોટલ પાછળ શંકાસ્પદ ઈંધણનું વેચાણ થતું હોવાની ફરિયાદ પોલીસને મળી હતી આથી એલસીબી અને એસોજીએ સંયુક્ત ઓપેરેશન હાથ ધરીને દરોડો પાડ્યો હતો જ્યાં કમ્પાઉન્ડમાં ગોળાકાર ટાંકો મળી આવ્યો હતો જેની બંને બાજુ ઈલેક્ટ્રિક મોટર ફિટ કરેલી હતી ટાંકા નજીક બે પાઈપો જોડાયેલી હતી આ સ્થળે ઉભેલા એક વ્યક્તિની અટકાયત કરીને પોલીસે પૂછપરછ હાથ ધરી હતી જેમાં તે વ્યક્તિ ભાવિન મોહનભાઈ ડોબરીયા (રહે. અંબાવ) હોવાનું જણાવ્યું હતું આ બાબતે ભાવિન ડોબરીયાની પુછપરછ કરતા તે અંગે કોઈ આધાર પુરાવા ન મળતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે પોલીસને આ કેમિકલ શંકાસ્પદ જણાતા તેમને આ પ્રવાહીના સેમ્પલ લીધા હતા અને પરિક્ષણ માટે એફ. એસ. એલ. માં મોકલાયા છે ભાવિનની પુછપરછ કરતા આ શંકાસ્પદ કેમિકલનો મૂળ માલિક રિષિકેશ જગદીશ મકવાણા (રહે સુરત )હોવાનું જણાવ્યું છે આમ પોલીસે લગભગ ૨ હજાર લીટર શંકાસ્પદ કેમિકલ સાથે ઉપરોક્ત બન્ને ઈસમો સામે ગુનો નોંધી રૂપિયા ૨,૬૪,૪૦૦ નો મુદ્દામાલ સીલ કરી આગળની કાર્યવાહી ધરી છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028